કાળા શૂન્ય પ્રત્યે

સાવિત્રી આમ એ ઘોર વનમાં એકાકિની બની ગઈ. પતિનું શબ એની છાતીસરસું હતું. નિરાધારતાના વિચારોથી એ પોતાની મહાહાનિનું માપ કાઢતી ન 'તી, આંસુથી દુઃખની શૈલ મુદ્રા ઉખાડતી ન 'તી. સત્યવાન સાથે એનું મન પણ જાણે મરી ગયું હોય તેમ પ્રિયતમના પિંડ ઉપર એનો આત્મા ઝૂકયો હતો. નિષ્પ્રાણ પતિદેહ એણે ગાઢ આશ્લેષમાં રાખ્યો હતો, જાણે કે હજીય એ એના આત્માને ખોળિયામાં રાખવા માગતી ન હોય.

પછી જીવનની અલૌકિક ક્ષણોએ આવે છે એવો એક ફેરફાર એનામાં આવ્યો. આત્મા જ્યારે પોતાના જ્યોતિર્મય મૂળ પ્રતિ ઊર્ધ્વ ઉઠાવાય છે, પડદો ચિરાઈ જાય છે, વિચાર કરનારો રહેતો નથી, એક આત્મા જ જોતો હોય છે અને સઘળું જ્ઞાત થઈ જાય છે, તે વખતે આપણા મસ્તક ઉપર વિરાજમાન એક પ્રશાંત શકિતનાં દર્શન થાય છે. અક્ષુબ્ધ અને નિશ્ચલભાવે એ પ્રકૃતિનું સંચાલન કરતી હોય છે ને જીવન ઉપર એની નજર રહે છે. વમળાતી વસ્તુઓને એ કાબૂમાં લઈ લે છે. પછી તો દૈવી વિચારો આવવા માંડે છે, માનવી માટી એક અદૃષ્ટ રહી સ્વર્ગીય સુમેળ સાધનારાને હાથે ઘડાય છે, એક નવી જ દૃષ્ટિ ઊઘડે છે, નવા જ સ્વરો આપણામાં દેવોના સંગીતને દેહધારી બનાવે છે. અનામી અમર અભિલાષાઓ કૂદીને નીચે આવે છે અને શાંતિના સમર્થ ક્ષેત્રમાં ઉચ્ચ એકાકી સંકલ્પની ગૂંથણી કરે છે.

એક ક્ષણનાં ઊંડાણોમાંથી આ હવે સાવિત્રીમાં સજન્મા બન્યું. આ નયનો જેને જોઈ શકતાં નથી તે પ્રકૃતિમાં છુપાઈ રહેલો આત્મા ભુવનોના પોતાના માળામાંથી રાત્રિના આકાશોમાં વિરાટ અગ્નિ સમાન ઊંચે ઊડયો. સ્વરૂપની વિસ્મૃતિના દોર કપાઈ ગયા. વિશ્વાવકાશમાં પ્રક્ષિપ્ત શકિત વિલોકાઈ. સાવિત્રીએ જોયું કે એ પોતાના સ્વરૂપનું ને કરેલાં કાર્યોનું મૂળ હતી. અવકાશોમાં પ્રક્ષિપ્ત થયેલી શકિત એ હતી, એ હતી સનાતન સત્યનો એક તારકખંડ, અવિચલિત ઓજનું અનુરાગી ઓજાર. ભુવનને ભરી દેતા એક સાન્નિધ્યે, એક સર્વમાં રહેલા સર્વમયે એનું અસીમ જીવન ધારણ કર્યું. એક પ્રભુતા, એક નીરવતા, એક ક્ષિપ્રતા એના અતલ ગર્તો ઉપર છવાઈ ગઈ. પ્રકાશને પોતાની પાછળ ખેંચી લાવતી એક શકિત ઊતરી. કાળની પળોને એણે અનંતતા સાથે સાંકળી લીધી. સાવિત્રીના આત્મામાં આ

શકિત ઊંડે ઊતરી, ને સાવિત્રી પલટાઈ ગઈ.

એના સ્પર્શથી સાવિત્રીનું ચિદાકાશ કંપમાન બની ગયું. સાવિત્રીને એણે અમર પાંખોમાં લઈ લીધી. એના ઓઠ પર અનુચ્ચારિત સત્ય હતું, એના મસ્તકની આસપાસ પ્રજ્ઞાનું વિદ્યુન્મય પ્રભામંડળ હતું. સાવિત્રીના સહસ્રદલ કમલમાં એ પ્રવેશી. એ હતી એની મર્ત્યતાની માર્ગદર્શિકા, એનાં કર્મોની કરનારી, એના શબ્દોનો ઉત્સ. કાળ એને કશું કરી શકતો નહોતો. એ હતી સર્વસમર્થ. શાંત, નીરવ અને નિશ્ચલ એ સાવિત્રીની ઉપર વિરાજતી હતી.

સાવિત્રીનું સમસ્ત સત્ત્વ એ શકિતની સાથે સંલગ્ન થઈ ગયું. એ નવીન દિવ્યતાએ એનાં પાર્થિવ અંગોને દૈવી બળથી ભરી દીધાં. દુઃખ, શોક ને ભય ટળી ગયાં, મન નિસ્પંદ ને હૃદય શાંત બની ગયાં. એનાં કાર્યો દેવતાઈ શાંતિમાંથી ઉદ્ભવતાં બની ગયાં. હૃદયે રાખેલા સત્યવાનના શબને એણે ધીરેથી જમીન ઉપર મૂક્યું અને એ એકલી ઘોર યમરાજનો સામનો કરવા ઊભી થઈ. એનામાં એક સર્વોપરી શકિત અને દૈવી શાંતિ દેખાતાં હતાં.

સામે હતો સાક્ષાત્ મૃત્યુદેવ, અંધકારમય ભયપ્રેરક દેવતા. એની આંખોમાં સંહાર કરતા દેવોની દયા હતી. નિત્યની રાત્રિએ એનું સ્વરૂપ લીધું હતું. એના અગાધ ઊંડા હૃદયમાં દુઃખમય જગતના જીવો આશ્રય મેળવતા હતા.

સાવિત્રીની ને યમદેવની આંખો મળી. આખાયે વિરોધી જગતના અવાજ જેવો યમનો અવાજ સંભળાયો :

"આશ્લેષ છોડી દે, તારો ભાવાનુરાગનો આશ્લેષ છોડી દે. તું પ્રકૃતિની દાસી છે, અવિકારી નિયમનું વિકારી ઓજાર છે. તારો બળવો નકામો છે. તારો આશ્લેષ છોડી દે. રડીને ભૂલી જા. તારા ઉત્કટ અનુરાગને જીવતી કબરમાં દફનાવ. હવે એકલી પાછી ફર, તારા પૃથ્વી પરના નિષ્ફલ જીવન પ્રત્યે પાછી ફર."

અવાજ અટકયો. સાવિત્રી ન હાલી કે ચાલી. મનુષ્યગમ્ય બની અવાજ પાછો સંભળાયો :

"રે! તુંય એની માફક જવાની છે. શું તું તારી ભાવાવેશભરી પકડને હરહંમેશ રાખવાવાળી છે? તારા પતિના જીવને શું તું મૃત્યુની શાંતિ ને નીરવ આરામ નહિ લેવા દે? તારી પકડ છોડી દે. એનું આ શરીર માત્ર હવે પૃથ્વીનું તેમ જ તારું છે. એના આત્મા ઉપર હવે એક મહત્તર શકિતનો અધિકાર છે. નારી! તારો પતિ દુઃખિત થાય છે."

સાંભળીને સાવિત્રીએ સત્યવાનના શરીરને આશ્લેષમાં રાખતું પોતાનું હૃદય-બળ પાછું ખેંચી લીધું. ને પછી જેમ શરતમાં ઊતરેલો કોઈ પોતાનો ડગલો અળગો કરી સંકેતની રાહ જુએ તેમ સ્તંભિત વેગની પ્રતિમા સમી એ ઊભી ને સનાતન ગુહામાંથી આવતા આવેગની રાહ જોવા લાગી. શ્રાંત ભૂમિઓ ઉપર રાત્રિ જેમ ઝૂકે છે તેમ યમદેવ હવે ઝૂકયો ને ક્ષણવારમાં ભયાનક સ્વરૂપે પાછો ટટાર

થઈ ગયો, તેની સાથે મૃત માટીના માળખામાંથી બીજો એક દેદીપ્યમાન સત્યવાન પ્રકટ્યો અને મર્ત્ય નારી અને દેવની વચ્ચે મૂર્ત્તિમંત મૌન ચમત્કાર જેવો ઊભો.

મૃતે દિવ્યતાનું પ્રકાશમાન નવું રૂપ ધાર્યું હતું. પણ સત્યવાનનું આ નવું ભવ્ય સ્વરૂપ મર્ત્યલોકને અપરિચિત હતું ને સાવિત્રી તો ચિર પરિચિત, ચિર ચાહેલું માનવ સ્વરૂપ માગતી હતી, તેથી આ મધુર ને પ્રભાશાળી રૂપથી એ સંતોષ પામી નહિ, એનાં લક્ષણો એને મનાય નહિ તેવાં દિવ્ય દેખાયાં. એની ઇન્દ્રિયો એ દિવ્ય છાયાને ગ્રહવાને અશક્ત હતી. પરંતુ આત્મા આત્માને ઓળખતો હતો, હૃદય પુરાણા પ્રિય હૃદયની કલ્પના કરતું હતું.

આ નવો સત્યવાન બે પ્રદેશો વચ્ચે ડગમગ થયા વગર ઊભો, કોઈ અંધ આજ્ઞાની રાહ જોતો હોય તેમ. આમ પૃથ્વીના એ ક્ષેત્ર પર પૃથ્વીની નહિ એવી બે શક્તિઓ, એક અપાર્થિવ ને બીજી પાર્થિવ પિંડમાં એકની બન્ને બાજુએથી પ્રયાસ કરવા લાગી. મૌન સામે મૌનનું ને બૃહત્ સામે બૃહત્‌નું યુદ્ધ ચાલી રહ્યું હતું. પણ હવે ગમનમાર્ગની પ્રેરણા આવી ને સત્યવાન ચાલવા માંડ્યો, ને એની પાછળ યમ. સાવિત્રી પણ યમની પાછળ ચાલી. એની માનવી ગતિએ દેવની ગતિની બરાબરી કરી. પોતાના પ્રિયતમનાં પગલાંમાં પગલાં માંડતી સાવિત્રી પારનાં ભયાનક મૌનોમાં ગતિ કરવા લાગી.

આરંભમાં એક અંધ દબાણ કરતી ઝાડીમાં થઈ એ ચાલી. આસપાસની જમીન ઉપર અજાણ્યાં ને અમાનુષી પગલાં પડેલાં હતાં. રસ્તો પણ જાણે દીઠો ન હોય એવો હતો. વનનો લીલમિયો પડદો ચોગરદમ ઝબૂકતો હતો. ડાળાંડાળખાં આડે આવતાં હતાં. આસપાસ પર્ણોનું મર્મરાટ કરતું સૌન્દર્ય લીલા ઝભ્ભા જેવું જણાતું હતું. પણ ધીરે ધીરે એ મર્મરાટ પરદેશી જેવો બની ગયો. સાવિત્રીને હવે પોતાનું શરીરેય બોજા જેવું લાગવા માંડ્યું. પોતે ક્યાંક એક દૂરના દૃશ્યમાં આવી પહોંચી હતી. સત્યવાનનો દેદીપ્યમાન આત્મા ચૂપચાપ આગળ ને એની પાછળ અસ્પષ્ટ દેખાતી મહાઘોર છાયા ચાલતી હતી.

સાવિત્રીની ઇન્દ્રિયો હજીય પૃથ્વીની હવાનો નિકટનો અનુભવ કરતી હતી. આછી આછી સુવાસો ને દૂર દૂરના સાદો હજીયે આવતાં હતાં. પૃથ્વી અળગી થયા છતાંય હજીયે આઘી નહોતી. હજીય એ સાવિત્રીની આસપાસ માધુર્ય, લીલાશ, પ્રમોદ ને પ્રિય રંગોની રોનક ગ્રથતી હતી. એ પુરાણી માતા પોતાના બાળકને પોતાનું સાદું, સુન્દર ને સુપરિચિત સર્વ સમર્પતી હતી.

પણ હવે સાવિત્રીના શરીરની ઇન્દ્રિયોની પકડ એના ચિર સહચારી દેવ ઉપર રહી નહીં. યમ અને સત્યવાન એમાંથી મુક્ત થઈ ગયા. એમના મહાન માર્ગે આવતી એક સૂક્ષ્મ સરહદ પાર કરતાં વાર નીરવ દેવ દૂરનો ને મહાદૈવતવાન બની ગયો, ને પોતાનો જેની ઉપર પ્રેમ હતો તે આત્મા અન્ય અવકાશોમાં પ્રવેશી નિકટતા રાખતો બંધ પડ્યો. યમ અને સત્યવાન આજુબાજુ ગહન વાતાવરણની

નીરવતામાં પ્રવેશ્યા અને પૃથ્વીથી ને પોતાથી દૂરના બની ગયા.

આની સાથે જ સાવિત્રીનો આત્મા ઉગ્ર જ્વાલા જેવો બની ગયો ને સત્યવાનની તરફ ઊડયો ને એના આવેગથી સાવિત્રી ઇન્દ્રિયોની સીમાઓ પાર પહોંચી ગઈ. એના ચૈત્યાત્મા ઉપરથી મર્ત્ય અંગોનાં આવરણ અળગાં થઈ ગયાં. સાવિત્રીની સમાધિમાં હવે ન રહ્યો સૂર્ય, ન રહી પૃથ્વી, ન રહ્યું જગત. વિચાર, કાળ અને મૃત્યુની અસ્તિનું ભાન હવે એને રહ્યું નહીં. સાવિત્રી સાવિત્રીનેય વીસરી ગઈ. એનો સાગર-સંકલ્પ સત્યવાનમય બની ગયો. પરમ પ્રેમની અમર પળ આવી હતી, શાશ્વતીની શુભ્ર શુક્તિમાંથી મહામૌક્તિક મળ્યું હતું.

પાછી એક વાર હવે એ કાળ પ્રત્યે પ્રબોધતા પામી, વસ્તુઓની રૂપરેખા રચવા એ દૃષ્ટ અને જ્ઞાતની સીમાઓમાં પાછી ફરી. આત્માના દૃશ્ય ક્ષેત્રમાં ત્રણેય આગળ ચાલ્યાં. સ્વપ્નના વિસ્તારમાં સરતી હોય તેમ સાવિત્રી સરતી દેખાઈ. વારંવાર વટાવેલાં ક્ષેત્રો ભુલાયેલાં લક્ષ્યો પ્રત્યે ઓસરી જવા લાગ્યાં.

આમ નીરવ પ્રદેશોમાં ને નવી જ દુનિયામાં એ ત્રણે એકલાં જ મુસાફરી કરવા લાગ્યાં. ત્યાં ન 'તો કોઈ જીવ, માત્ર જીવંત ભાવો જ હતા. એમની આસપાસ વિચિત્ર, રવરહિત ને જાદૂઈ પ્રદેશ આવેલો હતો. માથા ઉપર એવાં જ વિચિત્ર આઘેનાં આકાશો હતાં. અચિત્‌ની નિદ્રાની સમસ્યા જેવા અંધકારમાં આવેલાં પ્રતીકો, ભૂતાવળની છાયાઓ, વકાસતી વિકરાળ દાઢો, ગળી જનારી નિગૂઢતા યાત્રીને આકર્ષતાં હતાં. ત્યાંનું બધું જ કાળરાત્રિનું કાળું શિલ્પ હતું.

પછી આ અંધકારમાં થતી યાત્રાની સીમા આવી. એટલે જ્યોતિ:સ્વરૂપ બનેલો સત્યવાન ઊભો રહ્યો અને એણે ફરીને પોતાની અલૌકિક આંખ સાવિત્રી પ્રત્યે વાળી, પણ ત્યાં યમરાજ પાતાળોના પોકારે ગાજી ઊઠયો : "ઓ હે મર્ત્યા! તારી ક્ષણજીવી જાતિની પાસે પાછી ચાલી જા. મૃત્યુ સાથે એના આવાસ સુધી જવાની આકાંક્ષા રાખ નહીં. જ્યાં કાળનું પણ મરણ થાય છે ત્યાં તારા શ્વાસોચ્છ્‌વાસ ચાલવાના નથી. તારા મન-જન્મ્યા પ્રેમાવેશમાં સ્વર્ગીય સામર્થ્ય છે એવું માની લેવાની ભૂલ કરતી નહિ. ધરાના તારા આધાર ઉપરથી એ તારા આત્માને ઊંચે નહિ લઈ જાય. ભૂમિ વગરના શૂન્યમાં એ તારા પાયને ટેકવી નહિ શકે, માર્ગ વગરના અનંતમાં તને આધાર નહિ આપી શકે. માનુષી મર્યાદાઓમાં જ મનષ્ય સુરક્ષિત છે. ભીષણ દેવીને તારા આત્માનું સંચાલન સોંપ નહિ, નિરાધાર વિચાર શો તારો જીવ નાશ પામશે. માણસ પોતાના મનનાં કરતૂકોથી પ્રકૃતિને પજવે છે, અને પોતે મોટો દેવ બની ગયો હોય એવો ખોટો ખ્યાલ રાખે છે. દિવ્યતાનાં સ્વપ્નાં સેવતા ઓ નિદ્રાધીન જીવ! તું છે કેવળ કાળનું શોક સભર ફીણ. તારા ક્ષણભંગુર પ્રેમભાવો સનાતન દેવતાઓને બાધક બની શકતા નથી."

આ અઘોર અવાજ અરવતામાં ઓસરી ગયો. રાત્રિની દારુણ દંષ્ટ્રાઓએ એને નિ:શબ્દ સંમતિ આપી. પણ સાવિત્રી બોલી નહિ. એનો ઉન્નત અનાવૃત

આત્મા મર્ત્યતાની મેખલામાંથી મુકત થયો હતો. એક આદિ ઓજનો સંકલ્પ ધારી સાવિત્રી ઊભી,—એક શિલ્પિત મૂર્ત્તિની માફક, કાળી મધરાત શી સઘન જામેલી ઘોર ને નીરવ ગર્તાઓ સામે અગ્નિના ને ઓજસના એક સ્તંભની માફક ઊભી.